GSTIN: 24AAALM0547L1DB
કચેરી :- ૦૨૬૧-૨૪૫૫૩૦૧ થી ૨૪૫૫૩૦૪
અધ્યક્ષશ્રી :- ૦૨૬૧-૨૪૨૦૩૨૦
શાસનાધિકારી : (ઓ) ૦૨૬૧-૨૪૨૦૩૨૨
ઈ-મેઈલ :- info@msbsurat.in
વેબસાઈટ :- www.municipalschoolboardsurat.org

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, સુરત.

કાંસકી વાડ, જુના બસ સ્ટેન્ડ પાસે, ભાગળ,સુરત-૩૯૫૦૦૩

જા.નં.- ૨૩૬૩ તા. ૨૧/૦૬/૨૦૨૨.

પ્રતિ,
મુખ્ય શિક્ષકશ્રી
તમામ શાળા
ન.પ્રા.શિ.સમિતિ, સુરત

વિષય:- ૩૦' મો રાષ્ટ્રીય બાળ વિજ્ઞાન પરિષદ (ncsc )-૨૦૨૨ માં શાળાઓ તરફથી બાળકોને ભાગ લેવા માટે નોંધણી કરાવવા બાબત

સંદર્ભ:- પ્રાથમિક શિક્ષણ નિયામકના પત્ર ક્રમાંક:પ્રાશિનિ/છ-૨/સંકલન/૨૦૨૨/૪૭૬૨ -૪૮૧૫ તા. ૩૧/૦૫/૨૦૨૨

ઉપરોકત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, ભારત સરકારના વિજ્ઞાન અને ટેકનોલોજી મંત્રાલય અંતર્ગતના NCSTC હેઠળ " સમગ્ર ભારતમાં છેલ્લા ૩૦- વર્ષથી (૧૯૯૩ થી) અને ચાલુ વર્ષે ૩૦ મો, રાષ્ટ્રીય બાળ વિજ્ઞાનબ કોંગ્રેસ (NATIONAL CHILDREN SCIENCE CONGRESS) પ્રોજેક્ટ એનાઉન્સ થયેલ છે. અને ગુજરાતમાં છેલ્લા ૮ વર્ષથી " ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી (GUJCOST) ગાંધીનગરના માર્ગદર્શન અને સહયોગથી સુરત જીલ્લામાં અમારા જિલ્લા લોક વિજ્ઞાન કેન્દ્ર-સુરત (District Community Science Center ) દ્વારા અમલીકરણ થઇ રહ્યું છે, આ કાર્યક્રમ ( પ્રોજેક્ટ ) દ્વારા બાળકોમાં વૈજ્ઞાનિક દષ્ટિ ખીલે તે દિશામાં સ્વતંત્રપણે વિચારતા અને સમજતા થાય અને વિજ્ઞાન પ્રત્યે અભિગમ કેળવાય , સંશોધન ક્ષેત્રે કાર્ય અનુભવ મેળવે અને આ વર્ષની મુખ્ય થીમ સબંધિત સમસ્યાઓના શોધી તેના ઉકેલ માટે પણ વિચારતા થાય અને પ્રયાસ કરે તે મુખ્ય આશય છે.

આ વર્ષે પણ NCSC-2022 પ્રોજેક્ટની મુખ્ય થીમ : UNDERSTANDING ECOSYSTEM FOR HEALTH WELLBEING ( આરોગ્ય અને સુખાકારી માટે ઈકો- સિસ્ટમની સમજણ ) અને તેના ૫- પેટા વિષયો અને વિસ્તૃત માર્ગદર્શિકા આ સાથે અલગથી સામેલ છે.

અગત્યની સૂચના:-

(૧) NCSC કાર્યક્રમમાં બાળ વૈજ્ઞાનિકોને ભાગ લેવા માટે આપેલ લિન્ક પર ઓનલાઈન ૨- વિધાર્થીઓના ગ્રૂપમાં અને એક માર્ગદર્શક શિક્ષક સાથે નોંધણી કરવાની રહેશે,link : https://forms . gle /VsQcqASFDt2tjvu79

(2) બાળકોની ઉંમર મર્યાદા ૧૦-૧૭ વર્ષ છે (તા. ૩૧/૦૬/૨૦૨૨ સુધી ) તેની નોંધણી કરવાની રહેશે,

(૩) ઉપર દર્શાવેલ મુખ્ય થીમ અને પેટા ૫- વિષયોમાંથી એક વિષયઆ પંસદ કરી " અભ્યાસ સંશોધન પ્રોજેક્ટસ " બે વિધાર્થીઓ અને માર્ગદર્શક શિક્ષકની સલાહ મુજબ તૈયાર કરવાના રહેશે.

શાસનાધિકારી
નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ,
સુરત

<u>નકલ રવાના:-</u> ઈ.ચા. ઉપશાસનાધિકારી ન.પ્રા.શિ.સમિતિ, સુરત તરફ જાણ સારૂ.
<u>નકલ રવાના:-</u> નિરીક્ષકશ્રી તમામ, ન.પ્રા.શિ.સમિતિ, સુરત તરફ જાણ તથા અમલ સારૂ.
<u>નકલ રવાના:</u> યુ.આર.સી.કો.ઓ.અને સી. આર.સી.કો.ઓ. તરફ જાણ તથા અમલ સારૂ.